**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૧/૨/૨૦૦૮ ને શુક્રવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે મળેલ ૧૯૯ મી બેઠકની કાર્યવાહી નોંધ :**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | નાયબ સચિવશ્રી,<br>શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,<br>સચિવાલય,<br>ગાંધીનગર. | : | સભ્યશ્રી |
| (૩) | કમિશ્નરશ્રી<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | મુખ્ય નગર નિયોજકશ્રી,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર | : | સભ્યશ્રી |
| (૫) | સીટી એન્જીયરશ્રી<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૬) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી<br>વડોદરા., જિલ્લા પંચાયત,<br>વડોદરા | : | આમંત્રિત સભ્યશ્રી |
| (૭) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા. | : | સભ્ય-સચિવશ્રી |

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા.૨૬/૦૯/૨૦૦૭ ની ૧૯૮ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

સત્તામંડળની તા.૨૬/૦૯/૨૦૦૭ ની ૧૯૮ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૩૮૬/૨૦૦૭ તા.૦૧/૧૦/૨૦૦૭ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૮૮૩):</u>** સત્તામંડળની તા.૨૬-૯-૦૭ ની ૧૯૮ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા ૧૨/૦૬/૨૦૦૭ ની ૧૯૭ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૬/૨૦૦૭ ની ૧૯૭ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવેલ છે. જે અંગે ચર્ચા વિચારણા થતા મુધ્દા નંબર-૭ ના ઠરાવ ક્રમાંક (૧૮૬૦) થી મોજે અટલાદરા તા.જિ વડોદરાના સ.નં. ૧૨/૧, ૪૪,૪૫ વાળી જમીનો સંપાદનમાંથી મુકત નહી કરવા અંગે સરકારશ્રીમાં પુન:વિચારણા માટે દરખાસ્ત કરવા ઠરાવવામાં આવેલ તે અન્વયે પત્ર નં. યુડીએ/એડીએમ/૧૮૬/૦૭ તા.૩૦-૭-૦૭ થી સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ છે. તે બાબતે પુન: સ્મૃતિપત્ર પાઠવવાનું નકકી કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૮૮૪):</u>** સત્તામંડળની તારીખ ૧૨/૦૬/૨૦૦૭ ની ૧૯૭ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને ઉપરોકત વિગતે સરકારશ્રીમાં પુન: સ્મૃતિપત્ર પાઠવવાનું નકકી કરી અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૩) : સત્તામંડળના માહે ઓગષ્ટ-૨૦૦૭ થી નવેમ્બર- ૨૦૦૭ ના હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે ઓગષ્ટ-૨૦૦૭ થી નવેમ્બર- ૨૦૦૭ ના આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૮૮૫):** સત્તામંડળના માહે ઓગષ્ટ-૨૦૦૭ થી નવેમ્બર- ૨૦૦૭ ના આવક તથા જાવકના હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૪) : સંપૂર્ણ ગ્રામીણ રોજગાર / વીરાંજલી વન મહોત્સવ યોજનાઓ હેઠળ કરવામાં આવતા વનીકરણ ફરતે વાયર ફેન્સીંગ બનાવવા માટે આર્થીક સહાય આપવા બાબત.**

અગાઉ ગુજરાત સરકારશ્રીના સંપૂર્ણ ગ્રામીણ યોજના હેઠળ વુડા વિસ્તારમાં આવતા ગામોમાં વનીકરણની પ્રવૃતીને વેગ મળે તે હેતુથી વાયર ફેન્સીંગની પ્રપોઝલ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા ભલામણ સહ અત્રે આવતા તે અંગેનો મુધ્દો વુડા બોર્ડની બેઠક નં ૧૮૭ ના મુધ્દા નં.(૫) ધ્વારા રજુ કરાતા તેના ઠરાવ ક્રમાંક ૧૭૫૬ મુજબ શ્રમ યોગી વન ફરતે વાયર ફેન્સીંગ કરવાના કામ માટે વધુમાં વધુ રૂા.૧/- લાખની મર્યાદામાં સહાય કરવાનુ નકકી થયેલ હતુ. જે અન્વયે આજોડ, તલસટ, વાસણા કોતરીયા, કોયલી તથા લાલજીપુરા (મીરસાપુરા) મળી કુલ પાંચ ગામોને રૂા.૧/- લાખની નિયત કરેલ મર્યાદામાં સહાય કરવામાં આવેલ છે.

ગત વર્ષ દરમ્યાન તા.૯/૮/૨૦૦૭ ના રોજ ગુજરાત સરકારશ્રી ધ્વારા વીરાંજલી વન મહોત્સવ યોજના હેઠળ વનીકરણના પ્રોગ્રામનુ આયોજન થયેલ હોવાનુ તાલુકા પંચાયત, વડોદરા ધ્વારા તા.૩૦/૭/૨૦૦૭ ના પત્ર ધ્વારા જણાવેલ હતુ. જે અંતર્ગત વુડા વિસ્તારમાં આવતા ખલીપુર, સુખલીપુર, કોટાલી, ધનીયાવી, રાઘવપુર, સુંદરપુરા, રતનપુર, વડદલા, મારેઠા, અંકોડીયા અને આજોડ મળી કુલ અગીયાર ગામો ખાતે કરવામાં આવનાર વનીકરણની જાળવણી માટે વન ફરતે વાયર ફેન્સીંગ કરવાના કામ માટે અંદાજે રૂા.૭.૫૦ લાખની ગ્રાન્ટ આપવા માટે વુડાને દરખાસ્ત કરેલ હતી. જે અંતર્ગત ઉપરોકત અગીયાર ગામાંમાં વાયર ફેન્સીંગ કરાવવા માટે રૂા.૭.૫૦ લાખની વહીવટી મંજુરી અત્રેથી તા.૭/૮/૨૦૦૭ ના રોજ આપી, આ રકમ એડવાન્સ તરીકે આપવામાં આવેલ હતી.

આમ ઉપરોકત વિગતે સન ૨૦૦૫ થી સન ૨૦૦૭ દરમ્યાન વનીકરણની પ્રવૃતીને વેગ મળે તે હેતુથી વુડા વિસ્તારમાં ગામોને વાયરફેન્સીંગના કામો પેટે કુલ રૂા.૧૨.૫૦ લાખની સહાય આપવામાં આવેલ છે. સદર બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૮૮૬) :</u>** ગુજરાત સરકારશ્રીના સંપૂર્ણ ગ્રામીણ રોજગાર હેઠળ વુડા વિસ્તારના ગામોમાં વનિકરણની જાણવણી માટે વન ફરતે કરવામાં આવેલ વાયર ફેન્સીંગના કામોને તથા તે કામો પેટે કરવામાં આવેલ રૂા.૧૨.૫૦ લાખના ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તથા આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૫) : કારેલીબાગ ખાતે બાંધવામાં આવેલ વુડા ભવન બિલ્ડીગના બીજા માળ ઉપર આવેલ વુડાનો મીટીંગ હોલ ભાડે આપવા બાબત.**

કારેલીબાગ ખાતે નાગરવાડા ટી.પી. નં ૯ ના એફ.પી. નં.૧ (પૈકી) ની ૨૭૫૩ ચો.મી. જમીનમાં વુડા ધ્વારા "વુડા ભવન" બિલ્ડીંગનુ નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં બેઝમેન્ટ તથા ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત નવ માળનુ ઓફીસો માટે બાંધકામ કરવામાં આવેલ છે. જેના પ્રથમ તથા બીજા માળ ઉપર વુડાની કચેરી કાર્યરત છે, જયારે ત્રીજો અને પાચમાથી નવમા માળ વેચાણ / ભાડે થી આપવામાં આવેલ છે. વુડા ભવન બિલ્ડીંગના બીજા માળ ઉપર આવેલ મીટીંગ હોલમાં, વુડા ભવન બિલ્ડીંગમાં વેચાણ / ભાડેથી આપેલ ઓફીસો ધ્વારા મીટીંગ અર્થે અવારનવાર માંગણી કરવામાં આવે છે તથા વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા પણ મીટીંગોનુ આયોજન કરવામાં આવે છે. વુડા ભવન બિલ્ડીંગના બીજા માળ ઉપરનો મીટીંગ હોલ ૨૫ સીટની કેપેસીટીનો છે. જેમાં અન્ય સુવીધાઓ જેવી કે ત્રણ ૧.૫ ટન ના સ્પ્લીટ એ.સી., પ્રોજેકટર સ્ક્રીન, એટેચ ટોયલેટ બાથરૂમ વિગેરે ઉપલંબ્ધ છે. વડોદરા શહેરમાં આવેલ સર્કીટ હાઉસમાં એ.સી. મીટીંગ હોલ જે મીટીંગો અર્થે ભાડે આપવામાં આવે છે, તેનુ મીનીમમ ભાડુ ચાર કલાક સુધી રૂા.૧૫૦૦/- છે અને ત્યારબાદ પ્રતિ કલાકના રૂા.૫૦૦/- લેવામાં આવે છે. જેમાં લાઈટ બીલનો સમાવેશ થાય છે. પરંતુ ચા – નાસ્તા વિગેરેનો ખર્ચ અલગથી લેવામાં આવે છે. આ સંજોગોમાં સદર મીટીંગ હોલ ભાડે આપવો કે કેમ અને જો ભાડે આપવાનો નિર્ણય વુડા બોર્ડના સભ્યશ્રીઓ ધ્વારા લેવામાં આવે તો તે સંજોગોમાં ભાડુ નકકી કરવા બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા નીચે મુજબ ચર્ચા વિચારણા ઠરવામાં અવી.

**ચર્ચા વિચારણ :-** વડોદરા શહેરમાં સર્કીટ હાઉસ ખાતેનો મીટીંગ હોલ ભાડે આપવામાં આવે છે તે મોટા ભાગે સરકારી સંસ્થાઓનેજ ભાડે આપવામાં આવે છે. જયારે વુડા ઓફીસમાં ભાડે લેવા આવનાર લીમીટેડ કંપની હોવાથી તેનુ ભાડુ તેના પ્રમાણમાં વધારે રાખવુ પડે. જેથી ચર્ચા વિચારણાને અંતે વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા કરવામાં આવતી મીટીંગો સિવાય અન્ય કંપનીઓને ભાડે આપવા અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૮૮૭):** વુડા ભવન બિલ્ડીંગમાં બીજા માળ ઉપર આવેલ બોર્ડ રૂમ ભાડે આપવા અંગે નીચે મુજબનુ સ્તર નકકી કરવામાં આવ્યુ.

(૧) ચાર કલાક સુધીનુ ભાડુ : રૂા.૪૦૦૦/- અને ત્યાર બાદ પ્રતિ કલાકના રૂા.૧૦૦૦/- મુજબનુ ભાડુ તથા

(૨) ભાડા ઉપરાંત ચા-નાસ્તો વિગેરે અંગેની વ્યવસ્થા ભાડે લેનારે પોતાના ખર્ચે જાતે કરવાની રહેશે.

ઉપરોકત વિગત અંગેનુ ભાડુ ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યુ તથા આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૬) : કારેલીબાગ ખાતે બાંધવામાં આવેલ વુડા ભવન બિલ્ડીગનો ચોથો માળ વેચાણ/ ભાડે થી આપવા બાબત**

કારેલીબાગ ખાતે નાગરવાડા ટી.પી. નં ૯ ના એફ.પી. નં.૧ (પૈકી) ની ૨૬૫૩ ચો.મી. જમીનમાં વુડા ધ્વારા "વુડા ભવન" બિલ્ડીંગનુ નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં બેઝમેન્ટ તથા ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ફકત પાર્કિંગની સુવિધા રાખવામાં આવેલ છે. પ્રથમ થી નવમા માળ ઉપર ઓફીસો બનાવેલ છે, તે પૈકી પ્રથમ તથા બીજા માળ ઉપર વુડાની કચેરી કાર્યરત છે. ત્રીજા થી આંઠમાં માળના દરેક ફ્લોરનો સુપર બિલ્ટઅપ ક્ષેત્રફળ ૬૨૭ ચો.મી થાય છે જયારે નવમા માળમાં સેમીનાર હોલ આવેલ છે અને તેનો સુપર બિલ્ટઅપ ક્ષેત્રફળ ૬૬૯.૪૪ ચો.મી. થાય છે. સદર બિલ્ડીંગની અપસેટ કિંમત ગવર્મેન્ટ વેલ્યુઅર પાસે કરાવેલ અને તેની અપસેટ કિમતો લેન્ડ પ્રાઇસ કમીટી તથા વુડા બોર્ડ બેઠક ક્રમાક ૧૬૭ ના ઠરાવ ક્રમાંક ૧૪૭૫ થી મંજુર કરવામાં આવેલ હતી. ત્યારબાદ ત્રીજા થી નવમા માળ વેચાણથી અથવાતો ભાડેથી આપવાનુ નકકી થયેલ. જે મુજબ અગાઉ ત્રીજો માળ, સાતમો માળ, આંઠમો માળ, અને નવમો માળ વેચાણથી આપવામાં આવેલ છે. જયારે પાંચમો તથા છઠ્ઠો માળ સેન્ટ્રલ ગવર્નમેન્ટ હસ્તકના પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાને ભાડેથી આપવામાં આવેલ છે.

⇒ બાકી રહેતા ચોથા માળના વેચાણ અંગેનો મુદ્દો બોર્ડ બેઠક ૧૯૭ ના મુધ્દા નં. ૯ મુજબ રજુ કરાતા તેના ઠરાવ ક્રમાંક ૧૮૬૨ માં લેવાયેલ નિર્ણય મુજબ ચોથો માળ વેચાણથી આપવા માટે સીધી આવેલ ઓફર નામંજુર કરી ફરીથી વેચાણ અંગે જાહેર અખબારોમાં નવેસરથી નિવિંદા આપવાનુ ઠરાવેલ હતુ.

⇒ જે અન્વયે જાહેર અખબારોમાં નિવિદા આપી ચોથા માળ માટે ટેન્ડર ઓફરો મંગાવવામાં આવેલ હતી. તે માટે મે. શાંતિલાલ બી. પટેલ ધ્વારા રૂા.૪૫૦૦૦૦૦/- (અંકે પીસ્તાળીસ લાખ પુરા) ની ઓફર આપેલ હતી. જે અપસેટ કિંમત રૂા.૧૦૯૭૨૫૦૦/- કરતા ખુજબ ઓછી આવેલ હોવાથી વુડા બોર્ડ ધ્વારા ઠરાવ નં.૧૮૮૧ ધ્વારા રીજેકટ કરી નવેસરથી જાહેરાત આપવાનુ ઠરાવવામાં આવેલ હતુ.

⇒ જે મુજબ ફરીથી ઓકટોબર ૨૦૦૭ માં જાહેર અખબારોમાં નિવિદાઓ આપી ઓફરો મંગાવતા તે પરત્વે એકપણ ઓફર આવેલ નથી.

⇒ ત્યારબાદ એલ.આઈ.સી. ઓફ ઈન્ડીયા ધ્વારા સદર ફ્લોર વેચાણથી ખરીદવા માટે પ્રાથમીક સાઈટ વીઝીટ કરેલ છે, પરંતુ લેખીતમાં કોઈ ઓફર આપેલ નથી. જયારે સેન્ટ્રલ ગવર્નમેન્ટ હસ્તકના પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા એ તા.૭/૧/૨૦૦૮ ના પત્ર ધ્વારા પાંચમા તથા છઠ્ઠા માળ ની ભાડેથી લીધેલ જગ્યા, તેઓની ઓફીસ માટે નાની પડતા ચોથો માળ પણ પાંચમાં અને છઠ્ઠા માળના ભાડા અને તેની શરતો અનુસાર ફાળવવા વિનંતી કરેલ છે. જે મુજબ ચોાથો માળ ભાડેથી આપવામાં આવે તો વુડાને રૂા.૭૯૦૦૨/- પ્રતિમાસ ભાડુ મળે તેમ છે. સદર બાબતનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા નીચે મુજબ ચર્ચા વિચારણાના કરવામાં આવી

**ચર્ચા વિચારણા** :- વુડા ભવન બિલ્ડીંગના ચોથો માળ વેચાણ / ભાડેથી આપવા અંગે આપવામાં આવેલ જાહેર નિવિદે પરત્વે અગાઉ અપસેટ કરતા ઓછી ઓફર આવેલ જયારે છેલ્લે આપવામાં આવેલ જાહેર નિવિદામાં એકપણ ઓફર આવેલ નહતી. સદર ફ્લોર ખરીદવા અંગે એલ.આઈ.સી. ઓફ ઈન્ડીયા ધ્વારા રસ દાખવેલ તેઓ ધ્વારા સાઈટ વીઝીટ પણ કરેલ પરંતુ કોક્રીટ ઓફર આપેલ નથી. આ સંજોગોમાં પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા કે જેઓને પાંચમો તથા છઠ્ઠો માળ ભાડે આપેલ છે. તેઓનેજ ભાડે આપવામાં આવે તો એકજ પાર્ટી સાથે વાટા ધાટો કરવી પડે જયારે એલ.આઈ.સી. જેવી પબ્લીક ડીલીંગ જેવી સંસ્થા આવે તો પાર્કીંગ તથા અન્ય પ્રશ્નો પણ વધુ રહે આ સંજોગોમાં ચોથો માળ પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાને આપવા અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૮૮૮ ):** વુડા ભવન બિલ્ડીંગનો ચોથો માળ મે. પાવરગ્રીડ કોપોરેશન ઓફ ઈન્ડીયાને અગાઉ પાંચમા તથા છઠ્ઠા માળ અંગે મંજુર કરેલ ભાડાની રકમ તથા રૂા.૭૯૦૦૨/- તથા તે અંગે કરવામાં આવેલ કરારની શરતોને આધીન ભાડેથી આપવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મૂખ્યકારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૭) : ગોત્રી ખાતે શહેરી ગરીબો માટે બનાવેલ ઈ.ડબલ્યુ.એસ. ૮૦૬ આવાસ યોજનામાં બનાવેલ સ્કુલ બિલ્ડીંગના વેચાણ બાબત.**

મા. મુખ્યમંત્રીશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત ગોત્રી ખાતે ત્રણ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના હેઠળ કુલ ૧૫૨૨ આવાસો બનાવવામાં આવેલ છે. સદર આવાસોના લાભાર્થીઓના બાળકોને નજદીકમાંજ પ્રાથમીક શિક્ષણ મળી રહે તે હેતુથી ૮૦૬ આવાસ યોજના સાથે સ્કુલ બિલ્ડીંગનુ નિર્માણ કરવામાં આવેલ છે. સદર સ્કુલ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ઓફીસો.(પ્રીન્સીપાલ રૂમ, સ્ટાફ રૂમ, એકાઉન્ટ રૂમ, સ્ટોર રૂમ વિગેરે) તથા પ્રથમ માળ ઉપર ચાર કલાસ રૂમો અને બીજા માળ ઉપર ચાર કલાસ રૂમો બનાવવામાં આવેલ છે. જે મળી બિલ્ડીંગનુ કુલ બાંધકામ ૭૦૮.૦૧ ચો.મી. થાય છે.

⇒ સ્કુલ બિલ્ડીંગની ફાળ વણી અંગે વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૧૮૪ તા.૨/૦૭/૨૦૦૪ ના રોજ મુદ્દો રજુ કરતા તેના ઠરાવ ક્રમાંક ૧૭૨૧ મુજબ, સદર સ્કુલ બિલ્ડીંગની અપસેટ કિંમત સરકાર માન્ય વેલ્યુઅર પાસે કરાવી, તેની વિગતો લેન્ડ પ્રાઈઝ કમીટી સમક્ષ રજુ કરી, અપસેટ કિંમત નકકી કરાવવી. ત્યારબાદ જાહેર નિવિદા ધ્વારા ઓફરો મંગાવી સ્કુલ બિલ્ડીંગનુ વેચાણ કરવુ. જે મુજબ પ્રથમ સરકારમાન્ય વેલ્યુઅર પાસે જરૂરી વેલ્યુએસન કરાવી, તેને વુડાની લેન્ડપ્રાઈઝ કમીટી સમક્ષ રજુ કરતા, તેઓ ધ્વારા સ્કુલ બિલ્ડીંગ માટે રૂા.૨૭,૯૩,૦૧૬.૫૦ નુ વેલ્યુએસન મંજુર થયેલ હતુ.

⇒ પ્રથમ તા.૧૫/૦૧/૨૦૦૫ ના રોજ માહીતી ખાતા મારફત જાહેર અખબારોમાં નિવીદા આપી ઓફરો મંગાવેલ હતી. જે મુજબ સમાજ વિકાસ પરીવાર ટ્રસ્ટ, દરાપુરા, તા. પાદરા, ધ્વારા રૂા.૩૩,૩૩,૩૩૩/- ની ફકત એકજ ઓફર આવેલ હતી જેથી તેઓને તા.૨/૦૩/૨૦૦૫ ના પત્રથી ફાળવણી કરેલ હતી. પરંતુ સદર ટ્રસ્ટ ધ્વારા તા.૧૯/૦૨/૦૭ સુધી બાનાની રકમ સહીત ફકત રૂા.૧/- લાખ જમા કરાવેલ હતી. જયારે બાકીની રકમ ભરવા માટે વારંવાર મુદતો માંગવામાં આવેલ હતી અને તે મુજબ તેઓને પુરતી તક પણ આપવામાં આવેલ હોવા છતાં તેઓ ફાળવણીની બાકી રકમ ભરવામાં નિષ્ફળ જતા, તેઓનુ અલોટમેન્ટ ટેન્ડરની શરતો મુજબ રદ કરવામાં આવેલ હતુ.

⇒ બીજી વખત માહીતી ખાતા મારફત તા.૫/૦૩/૦૭ ના પત્ર ધ્વારા ફરીથી જાહેર અખબારોમાં નિવિદા આપી ઓફરો મંગાવેલ હતી. આ સમય દરમ્યાન સંયુકત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૬/૩/૦૭ ના પત્ર સાથે માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, જીલ્લો વડોદરા, નો સદર સ્કુલ બિલ્ડીંગ પ્રાથમીક શાળા ચલાવવા માટે વાર્ષીક રૂા.૧૦૧/- ના ટોકન ભાડાની માંગણી કરતો પત્ર અત્રે મોકલાવેલ હતો. પરંતુ અગાઉ વુડા બોર્ડ ધ્વારા નકકી થયા મુજબ સ્કુલ બિલ્ડીંગ વેચાણથી આપવાનુ નકકી થયેલ હોવાથી માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટને સદર સ્કુલ બિલ્ડીંગ વેચાણથી લેવામા રસ હોય તો વુડા કચેરીમાંથી ટેન્ડર મેળવી ઓફર આપવા જણાવેલ હતુ. પરંતુ તેઓ ધ્વારા અત્રેથી વેચાણથી લેવા માટેનુ ટેન્ડર ફોર્મ મેળવેલ ન હતુ.

- બીજી વખતની વેચાણ અંગે બહાર પાડવામાં આવેલ જાહેર નિવિદા મુજબ અગાઉ જેઓની ફાળવણી રદ કરવામાં આવેલ, તે સમાજ વિકાસ પરીવાર ટ્રસ્ટ ધ્વારા રૂા.૩૩.૫૦ લાખની ઓફર જરૂરી બાનાની રકમ સિવાય આપેલ હતી. જયારે શાંતિ નિકેતન એજયુકેશન ટ્રસ્ટ, વડોદરાએ સદર સ્કુલ બિલ્ડીંગ ખરીદવામાં રસ દાખવેલ હતો, પરંતુ ટેન્ડર ઈશ્યુ કરવાની તારીખ ચુકી જતા તેઓ ધ્વારા લેટરપેડ ઉપર રૂા.૨૯/- લાખની ઓફર સિલબંધ કવરમાં ટેન્ડર પરત લેવાની અંતિમ તારીખ બાદ આપેલ હતી. જેથી બન્નેને અત્રેની કચેરીએ નેગોશીએશન અર્થે બોલાવી તેઓની નાણાકીય પરીસ્થીતી ચકાસવામાં આવેલ હતી. જે મુજબ સમાજ વિકાસ પરીવાર ટ્રસ્ટ ધ્વારા ભરેલ ભાવે સ્કુલ લેવાની તૈયારી દર્શાવેલ હતી, પરંતુ ઓફર રકમ કઈરીતે ભરશે, તે બાબતે કોઈ સ્પષ્ટતા આપીશકેલ નહતા. જયારે શાંતિ નિકેતન એજયુકેશન ટ્રસ્ટ ધ્વારા સદર સ્કુલ બિલ્ડીંગ ટેન્ડરની શરતોને આધીન નવી ઓફર મુજબ રૂા.૩૪/- લાખમાં લેવાની તૈયારી દર્શાવેલ હતી તથા તે મુજબની બાનાની રકમ રૂા.૭૦,૦૦૦/- પણ અત્રેની કચેરીમા ડી.ડી.ધ્વારા

જમા કરાવેલ હતી. સદર વિગતો વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૧૯૭ ના મુંધ્દા નં. ૧૬ ધ્વારા રજુ કરાતાં તેના ઠરાવ ક્રમાંક ૧૮૭૯ મુજબ વેચાણ અંગે આવેલ બન્ને ઓફરો નિયમોનુસાર ન હોવાથી આવેલ ઓફરો રદ કરી નવેસરથી જાહેરાત આપવાનુ ઠરાવેલ હતુ.

⇒ જેથી ઓકટોબર - ૨૦૦૭ માં જાહેર અખબારોમાં નિવિદા આપી ઓફરો મંગાવતા કુલ ત્રણ કોરા ટેન્ડરો માંગણી મુજબ અત્રેની કચેરીમાંથી ઈશ્યુ કરવામાં આવેલ હતા અને ત્રણેય ટેન્ડર ઓફરો નિયત સમય મર્યાદામાં જરૂરી બાનાની રકમ સહીત પરત મળેલ હતી. જે તા.૨૭/૧૨/૨૦૦૭ ના રોજ ખોલવામાં આવેલ હતા. જેની વિગત નિચે મુજબ છે.

| અ. નં. | ઓફર આપનાર ઈજારદારનુ નામ | આવેલ ઓફરની રકમ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | **દિવ્યશકિત વિધાલય, રીફાયનરી રોડ, પંચવટી, વડોદરા.** | રૂા.૩૨,૦૦,૦૦૦/- | H-2 |
| ૨ | **શ્રી જયમાતાજી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા.** | રૂા.૩૦,૦૦,૦ ૦૦/- | H-3 |
| ૩ | **શ્રી શાંતિ નિકેતન એજયુકેશન ટ્રસ્ટ, પંચવટિ,ગોરવા, વડોદરા** | રૂા.૩૪,૦૦,૦૦૦/- | H-1 |

ઉપરોકત વિગતે આવેલ ટેન્ડર ઓફરો વુડાની લેન્ડ પ્રાઈઝ કમીટી ધ્વારા મંજુર કરેલ અપસેટ કિંમત રૂા.૨૭.૯૩ લાખ સામે શ્રી શાંતિ નિકેતન એજયુકેશન ટ્રસ્ટ, વડોદરા ની ઓફર રૂા.૩૪/- લાખ સૌથી વધુ આવેલ છે. ત્યારબાદ દિવ્યશકિત વિધાલય, વડોદરાની ઓફર રૂા.૩૨/- લાખ બીજા નંબરે તથા શ્રી જયમાતાજી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા ની ઓફર રૂા.૩૦/- લાખ ત્રીજા નંબરે સૌથી ઉંચી આવેલ છે. ઉપરોકત વિગતો મુજબ સ્કુલ બિલ્ડીંગના વેચાણ અંગે આવેલ ઓફરો ફાઈનલ કરવા બાબતનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૧૮૮૯):** ગોત્રી ખાતે બાંધવામાં આવેલ સ્કુલ બિલ્ડીંગ ગરીબ આવાસ યોજનામા આવેલ હોવાથી તેમા રાખવામાં આવનાર ફીના ધોરણ બાબતે સૌથી ઉંચા ભાવ આપનાર મે. શ્રી શાંતિ નિકેતન એજયુકેશન ટ્રસ્ટ, પંચવટિ,ગોરવા, વડોદરા સાથે ચર્ચા વિચારણા કરવી તે ઉપરાંત જો સદર સ્કુલ બિલ્ડીંગ વડોદરા મહનગર પાલીકા ધ્વારા તેઓની સ્કુલો ચલાવવા અંગે લેવામાં રસ ધરાવતુ હોય તો તે અંગે પાલીકાની શીક્ષણ સમીતી સાથે પરામર્સ કરવી અને જરૂર જણાય તો બાંધકામ તથા જમીનના બેઝીક ભાવ મુજબની કિંમત જો આપવા તૈયાર હોય તો તે બાબતની શકયતાઓ ચકાસી સ્કુલ બિલ્ડીંગના નિકાલ બાબતનો મુદ્દો આગામી બોર્ડ મીટીંગમાં ફરીથી રજુ કરવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૮) : સત્તામંડળની જીપ ગાડી નં. જીજે-૬ કે-૧૬૯૫ ના નિકાલ બાબત તથા નવું વાહન ખરીદવા બાબત.**

સત્તામંડળની તા. ૨૬-૯-૦૭ ની ૧૯૮ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૧૮૭૯) થી જીપ ગાડી નં. જીજે-૬ કે-૧૬૯૫ નો નિકાલ કરવાના કામે નવેસરથી અપસેટ વેલ્યુ નકકી કરવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી ઈરીગેશન વડોદરાને લખાણ કરી ફરીથી નીરીક્ષણ કરી નવી અપસેટ વેલ્યુ જણાવવા તથા શહેરના કબાડી વેપારીઓને પણ જાણ કરી હાલની બજાર કિંમત નકકી કરવા ઠરાવવામાં આવેલ તે અન્વયે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યાંત્રિક પેટા વિભાગ ૧/૩ વડોદરાને નવેસરથી અપસેટ વેલ્યુ કરી આપવા જણાવતાં તેઓએ તા.૧૫-૧૧-૦૭ ના પત્રથી જણાવેલ છે કે, અપસેટ કિંમત જેટલી કે તેથી વધુ કિંમત ન આવે તો અપસેટ કિંમત ફરીથી નકકી કરવાની રહેતી નથી. પરંતુ કચેરીના વડાને આ રીતે મળતી કિંમતમાં વાહનનો નિકાલ કરવાની સત્તા પહોંચે છે. તે અન્વયે અત્રેના તા. ૫/૧/૦૮ ના પત્રથી વિવિધ કચેરીઓમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ તે અન્વયે નીચે દર્શાવેલ વિગતના કુલ ત્રણ ભાવપત્રક અત્રેની કચેરીને મળેલ છે.

| અ.નં. | નામ | આપેલ ભાવ |
|---|---|---|
| ૧ | સોની નટવર ધ્વારકાદાસ, રહે.વડોદરા | રૂા.૩૭,૨૨૫/- |
| ૨ | સીસોદીયા રજની કાંત અંબાલાલ, રહે.વડોદરા | રૂા. ૩૭,૫૦૦/- |
| ૩ | એવરેસ્ટ સ્ક્રેપ ટ્રેડર્સ, રહે.વડોદરા | રૂા. ૩૦,૭૮૬/- |

ઉપરોકત આવેલ ભાવ પૈકી સીસોદીયા રજની કાંત અંબાલાલ, રહેવાસી વડોદરાએ ઉંચા ભાવ રૂા.૩૭,૫૦૦/- ભરેલ હોઈ અત્રેના નં.યુડીએ/એડીએમ/૧૩૨/૨૦૦૮ તા.૨૫-૧-૦૮ થી વેચાણ આપવા હુકમ કરવામાં આવેલ છે. જે સત્તામંડળની બાહલી માટે રજુ કરેલ છે.

સત્તામંડળમાં કુલ પાંચ વાહનો હતા. તે પૈકી કુલ ત્રણ વાહનોનો નિકાલ કરવામાં આવેલ છે. બાકીના બે વાહનો પૈકી એક મારુતી એસ્ટીમ અધ્યક્ષશ્રીના ઉપયોગમાં તેમજ ૧૧૮ એની મુખ્ય કારોબારીશ્રીના ઉપયોગમાં છે. જેમા ૧૧૮ એની ને પણ દસ વર્ષ ઉપરનો સમય થઈ ગયેલ હોઈ તેનો પણ નિકાલ કરવાનો થાય છે.

સત્તામંડળની હદમાં આવેલ ગામોના સ્થળ નિરીક્ષણ માટે અધિકારી કર્મચારીઓને વારંવાર બહાર જવાનું થાય છે તેમજ થયેલ કામગીરીની સમીક્ષા અર્થે પણ વિભાગની કચેરીઓમાં જવાનું થાય છે. અન્ય હાથ પર લીધેલ પ્રોજેકટ માટે પણ અધિકારી કર્મચારીઓને વાહનની જરૂરીયાત રહે છે. પરંતુ વાહનના અભાવે સદર કામગીરી નિયત સમય મર્યાદામાં કામગીરી થઈ શકતી નથી. જેથી એક વાહનની જરૂરીયાત રહેતી હોઈ સત્તામંડળની નિકાલ કરેલ જીપ ગાડી નં. જીજે-૬ કે-૧૬૯૫ ની જગાએ એક નવું વાહન ખરીદવા અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૮૯૦):** સત્તામંડળની જીપ ગાડી નં. જીજે -૬ કે-૧૬૯૫ નો રૂા.૩૭,૫૦૦/- ની કિંમતથી વેચાણથી નિકાલ કરવામાં આવેલ છે. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તથા નિકાલ કરેલ જીપ ગાડી નં. જીજે - ૬ કે-૧૬૯૫ ના બદલે એક નવું વાહન નિયમાનુસર કાર્યવાહી કરી ખરીદવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**મુધ્દા નંબર (૯) : કારેલીબાગ વુડા ભવન બિલ્ડીંગની બહાર એલ.એન્ડ ટી. સર્કલને ફરતે રોડ ડીવાઈડર ઉપર મુકવામાં આવેલ પ્રતિમાઓની આજુબાજુ રેલીંગ કામ કરવા બાબત.**

કારેલીબાગ ખાતે બાંધવામાં આવેલ વુડા ભવન બિલ્ડીંગને અડીને બહારના ભાગમાં ફુટપાથ અને કમ્પાઉન્ડ વોલની વચ્ચેની જગ્યા ઉપર લારી ગલ્લા કે અન્ય દબાણ ન થાય તથા વુડા ભવન બિલ્ડીંગની ભવ્યતા જળવાય રહે તે હેતુથી રેલીંગ કામ તથા ગાર્ડનીંગનુ કામ રૂા.ર.૫૭ લાખના ખર્ચે અગાઉ વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૧૯૪ તા.ર૩/૬/ર૦૦૬ ના ઠરાવ ક્રમાંક ૧૮ર૭ માં મળેલ મંજુરી મુજબ કરવામાં આવેલ છે. તેજ પ્રકારે એલ એન્ડ ટી સર્કલની ત્રણ બાજુના રસ્તાઓના રોડ ડીવાઈડર ઉપર શ્રી નરસિંહ મહેતા, શ્રી મહર્ષિ અરવિંદ તથા શ્રી કવિ નર્મદની પ્રતિમાઓ મુકવામાં આવેલ છે. તેની ફરતે આજ ડીઝાઈન મુજબની રેલીંગ કરવામાં આવે તો સર્કલની ભવ્યતામાં ખૂબજ વધારો થાય તેમ છે. આ ઉપરાંત એલ.એન્ડ ટી. સર્કલથી સમા તરફના રોડનુ કામ પણ પ્રગતિમાં છે. તે ભાગમાં પણ આ પ્રકારની પ્રતિમાં મુકવામાં આવનાર છે. આ સંજોગોમાં પ્રતિમાઓની આજુબાજુ વુડા ધ્વારા બનાવવામાં આવેલ રેલીંગની ડીઝાઈન મુજબ ર૫ એમ.એમ. x ર૫ એમ.એમ. ની એમ.એસ. પાઈપ રેલીંગ કરાવવા માટે અંદાજે રૂા.ર.૩૬ લાખ નો ખર્ચ થાય તેમ છે.

સદર કામ વુડા ભવન બિલ્ડીંગની બહાર વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં કરવાનુ થાય છે. જે સમગ્ર બાબતને ધ્યાને લઈ સદર કામગીરી કરાવવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંત. નીચે મુજબ ઠરાવવામાં આવ્યૂ.

**ઠરાવ ક્રમાંક (૧૮૯૧):** વુડા ભવન બિલ્ડીંગની બહાર એલ.એન્ડ.ટી. સર્કલની ત્રણ બાજુપરના રસ્તાઓના રોડ ડીવાઈડર ઉપર મુકવામાં આવેલ શ્રી નરસિંહ મહેતા, શ્રી મહર્ષિ અરવિંદ તથા શ્રી કવિ નર્મદની પ્રતિમાઓની ફરતે તથા સમા સાઈડ બની રહેલ નવા રોડ ઉપર મુકવામાં આવનાર પ્રતિમા ફરતે વુડા ધ્વારા બનાવવામાં આવેલ રેલીંગની ડીઝાઈન મુજબ ર૫ એમ.એમ. X ર૫ એમ.એમ. ની એમ.એસ. પાઈપ રેલીંગ કરાવાના કામને તથા તે અંગે થનાર ખર્ચ રૂા.ર.૩૬ લાખને સર્વાનુ મતે મંજુરી આપવામાં આવી વધુમાં મુકવામાં આવેલ પ્રતિમાઓની દર માસે નજદીકમાં આવેલ સ્કુલોના વિધાર્થીઓ ધ્વારા અથવાતો અન્ય વિકલ્પથી સાફ સફાઈ થાય તેવુ આયોજન શકય હોય તો કરવાનુ નકકી કર્યુ આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મૂખ્યકારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૧૦) : ડેવલોપમેન્ટના કામ અંતર્ગત હીંગલોટ ગામ થી અંપાડને જોડતો આર.સી.સી. રોડ તથા લો લેવલ બ્રીજના કામ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા કરવામાં આવતા વિકાસના કામો અંતર્ગત વુડા વિસ્તારમાં આવતા ગામો માટે સ્થાનીક સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા સ્થાનીક રહેવાસીઓ તરફથી કરવામાં આવતી રજુઆત અન્વયે મુખ્યત્વે એપ્રોચ રોડ તથા બે ગામોને જોડતા લીન્ક રોડના કામો કરવામાં આવે છે. વુડા વિસ્તારમાં આવેલ હિંગલોટ ગામના સરપંચશ્રી ધ્વારા અંપાડથી હિંગલોટને જોડતા રોડને બનાવવા માટે રજુઆત કરેલ છે. સદર આવેલ રજુઆત પરત્વે સ્થળ તપાસ કરતાં હિંગલોટ ગામ સુધી પાકો કાર્પેટનો રોડ બનાવવામાં આવેલ છે. જયારે હિંગલોટ ગામથી અંપાડ ગામને જોડતો રોડ બનાવવાની કામગીરી કરવા અંગે રજુઆત આવેલ છે. સદર રોડ જે નાળીયામાંથી વરસાદી પાણીનો નિકાલ થાય છે તે નાળીયામાં રસ્તો બનાવવાની પ્રપોઝલ છે. જે અંદાજે ૧૧૦૦ મીટર લંબાઈનો છે. રોડના અમુક ભાગમાં બન્ને સાઈડે બે મીટર જેટલી ઉંચી માટીની ભેખડો આવેલ છે તેથી ચોમાસા દરમ્યાન પાણી સાથે માટી ઘસીને આવે છે. તદ ઉપરાંત નાળીયાની પહોળાઈ પણ અમુક જગ્યાએ ૩ મીટર જેટલી ખુલ્લી નથી. જયારે રોડ બનાવવા ઓછામાં ઓછી ૧૦ મીટર જગ્યા, ૩.૫ મીટર રોડ તથા સાઈડ ડ્રેન બનાવવાના કામ માટે જરૂરી છે. આ ઉપરાંત હિંગલોટ અને અંપાડ વચ્ચે મહિ નદીનો ફાંટો આવેલ છે અને તેમાં પાણી ભરાયલું રહે છે. આમ સદર પ્રપોઝ રોડ સાંકડા નાળીયામાંથી અને ખુબજ લો લેવલે હોવાથી જો બનાવવો હોય તો અંદાજે ૨ મીટર જેટલો ઉંચો કરવો પડે તથા વચ્ચે આવતી મહિ નદીના ફાંટા ઉપર ઓછામાં ઓછો ૨ મીટર ઉંચાઈનો લો લેવલનો આર.સી.સી. બોક્ષ કલ્વર્ટ ટાઈપનો ૨૫ મીટરની લંબાઈમાં બ્રીજ બનાવવો પડે. આ સંજોગોમાં અંદાજે ૧૧૦૦ મીટર જેટલો રોડ બનાવવા માટે અંદાજે રૂા.૩૩/- લાખ તથા લો લેવલનો આર.સી.સી. નો બ્રીજ બનાવવા માટે અંદાજે રૂા.૧૦/- લાખ મળી કુલ રૂા.૪૩/- લાખ જેટલો ખર્ચ થાય તેમ છે. સદર રોડ થવાથી હિંગલોટ તથા તેની આસપાસના વિસ્તારોના લોકોને વડોદરા આવવા માટેનું અંતર ટુંકાવી શકાય તેમ છે. સદર રોડ બનાવવા અંગે આવેલ રજુઆત અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક ( ૧૮૯૨ ):</u>** વુડા ધ્વારા કરવામાં આવતા કામો અંતર્ગત હીંગલોટ ગામથી અંપાડને જોડતા રોડનુ કામ તથા લો લેવલનો બ્રીજ બનાવવાના કામને તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૪૩/- લાખને સર્વાનુ મતે મંજુરી આપવામાં આવી. સદર કામ અંગે થનાર ખર્ચ પૈકી રૂા.૧૦/- લાખ સંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રી તથા લોક ભાગીદારી ધ્વારા વુડાને મળનાર છે જયારે બાકી રહેતી રકમ રૂા.૩૩/- લાખ વુડા ધ્વારા ખર્ચવાની રહેશે તથા આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મૂખ્યકારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર. (૧૧) : પાદરા ખાતે વુડાની હદમાં Phase II તથા Phase III મા થયેલ ટી.પી. રોડના આરબીટ્રેશન પીટીશન નં.૪૨/૨૦૦૨ અને ૪૩/૨૦૦૨ ના એવોર્ડ બાબત.**

પાદરા ખાતે આઈ.ડી.એસ.એમ.ટી. યોજના હેઠળ Phase II મા ટી.પી. રોડના રૂા.૫૧૬૫૪૦૦/- ના કામો ૧૩.૫% અબાઉથી તથા Phase III મા રૂા.૮૮૪૭૦૦૦/- ના કામો ૪.૪૧% અબાઉ ભાવોથી અનુક્રમે વર્ષ ૧૯૯૭ અને વર્ષ ૧૯૯૮ દરમ્યાન શરૂ કરી વર્ષ ૧૯૯૯ માં બન્ને કામો પૂર્ણ કરવામાં આવેલ હતા. સદર કામગીરીઓના ટેન્ડરીંગ તથા સુપરવિઝનની કામગીરી મે. રે કન્સલટન્ટ ને તથા ઈજારદાર તરીકે મે.બી.એમ. પટેલ એન્ડ બ્રધર્સને કામગીરી સોંપવામાં આવેલ હતી. બન્ને કામો અન્વયે અનુક્રમે કુલ રકમ રૂા.૭૦૧૭૬૩૯/- અને રૂા.૧૧૧૫૦૧૦૪/- નો ખર્ચ થયેલ હતો.

- બન્ને કામો પૂર્ણ થયા બાદ ઈજારદાર ધ્વારા પ્રાઈસ એડજસ્ટમેન્ટના બીલો રજુ કરેલ જે વુડા ધ્વારા રીજેક્ટ કરવામાં આવેલ હતાં. પરંતુ ઈજારદાર ધ્વારા બન્ને બીલો માટે વારંવાર લેખીતમાં રજુઆત કરતાં Phase III ના કામના પ્રાઈસ એડજસ્ટમેન્ટના ચુકવણા અંગે નિર્ણય અર્થે વુડા બોર્ડ બેઠક ૧૬૪ તા.૪/૧૧/૨૦૦૦ માં રજુ થતા તેમાં પણ સદર બિલની રકમ આપવા પાત્ર નથી તે મુજબનો નિર્ણય લેવામાં આવેલ હતો.
- ત્યારબાદ ઈજારદારે એડવોકેટશ્રીઓ ધ્વારા નોટીસો આપેલ હતી અને ઓકટોબર ૨૦૦૨ માં હાઈકોર્ટમાં આરબીટ્રેશનની માંગણી કરતાં નામદાર હાઈકોર્ટે Phase II તથા Phase III ના કામો માટે અનુક્રમે આરબીટ્રેશન પીટીશન નં. ૪૨/૨૦૦૨ ના હુકમ નં.૨૩૮૩/૨૦૦૩ અને ૪૩/૨૦૦૨ ના હુકમ નં.૨૩૮૪/૨૦૦૩ તા.૨૬/૫/૨૦૦૩ ધ્વારા શ્રી આર.ઓ.પરીખ નીવૃત ચીફ એન્જીનીયર (R&B) ની આરબીટ્રેટર તરીકે નિમણુંક કરેલ હતી.
- આરબીટ્રેશન અંગે પ્રથમ મીટીંગ તા.૧૯/૧૨/૦૩ અને ૯ મી મીટીંગ તા.૮/૦૬/૦૪ ના રોજ યોજાયેલ હતી. સદર આરબીટ્રેશનની કામગીરીમાં વુડા તરફથી એડવોકેટશ્રી દીલીપભાઈ ટી. નાણાવટી મારફત આરબીટ્રેટરશ્રી સમક્ષ રજુઆત કરેલ હતી. આરબીટ્રેટરશ્રી ધ્વારા તા.૫/૭/૨૦૦૪ ના રોજ બન્ને કેસોના એવોર્ડ આપવામાં આવેલ હતા. બન્ને કેસો માટે પ્રાઈસ એડજસ્ટમેન્ટ તથા અન્ય કલેમ અને તે પરત્વે એવોર્ડની તારીખ સુધી તથા એવોર્ડની તારીખ બાદ ચુકવવાના થતા વ્યાજની વિગતોનો એવોર્ડ આપેલ છે. જેની ટુંકમાં વિગત નીચે મુજબ છે.

| ક્રમ નં. | વિગત | Phase II ની રકમ રૂા. માં | Phase II ની રકમ રૂા. માં | કુલ રકમ રૂા. માં |
|---|---|---|---|---|
| ૧ | એવોર્ડની રકમ (પ્રાઈસ એડજસ્ટમેન્ટ તથા અન્ય કલેમ) | ૧૫૬૫૭૬૫.૦૦ | ૧૬૬૩૩૩૪.૦૦ | ૩૨૨૯૦૯૯.૦૦ |
| ૨ | ૧૫% સાદુ વ્યાજ | ૧૦૩૯૪૯૬.૦૦<br>૨૧/૫/૯૯ થી ૨૪/૧૧/૦૩ | ૯૬૩૧૩૯.૦૦<br>૧૬/૧/૨૦૦૦ થી ૨૪/૧૧/૦૩ | ૨૦૦૨૬૩૫.૦૦ |
| ૩ | ૧૨% Pendetelite સાદુ વ્યાજ ૨૫/૧૧/૦૩ થી ૪/૭/૦૪ | ૧૧૧૯૫૫.૦૦ | ૧૨૧૪૦૧.૦૦ | ૨૩૩૩૫૬.૦૦ |
| (એ) | એવોર્ડ મુજબ તા.૫/૭/૦૪ સુધી | ૨૭૧૭૨૧૬.૦૦ | ૨૭૪૭૮૭૪.૦૦ | ૫૪૬૫૦૯૦.૦૦ |
| ૪ | ૧૨% સાદુ વ્યાજ તા.૫/૭/૦૪ થી | ૫૧૪.૭૭<br>પ્રતિ દિવસ | ૫૪૬.૮૫<br>પ્રતિ દિવસ | ૧૦૬૧.૬૨<br>પ્રતિ દિવસ |

- આરબીટ્રેટરશ્રી ધ્વારા આપવામાં આવેલ બન્ને એવોર્ડ પરત્વે તા.૧૨/૭/૦૪ ના પત્રથી એડવોકેટશ્રી દીલીપભાઈ ટી. નાણાવટીએ બન્ને એવોર્ડ કાયદાકીય રીતે સીવીલ કોર્ટમાં ચેલેન્જ થઈશકે તે બાબતનો અભીપ્રાય આપેલ હતો. જે મુજબ બન્ને એવોર્ડને સીવલ કોર્ટ વડોદરા ખાતે તા.૧૮/૮/૨૦૦૪ ના રોજ અનુક્રમે કેસ નં.૨૪૧/૨૦૦૪ તથા ૨૪૨/૨૦૦૪ ધ્વારા ચેલેન્જ કરવામાં આવેલ હતા.

- વુડા બોર્ડ બેઠક નં.૧૮૫, તા.૧૯/૧૧/૨૦૦૪ ના મુધ્દા નં. ૮ ધ્વારા બન્ને કેસોની વિગતો તથા બન્ને કેસોમાં આરબીટ્રેટરશ્રી ધ્વારા આપવામાં આવેલ એવોર્ડ બાબતની વિગતો વુડા બોર્ડના સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા આગળની કાર્યવાહી અંગે નિર્ણય અર્થે રજુ થતા, તેના ઠરાવ નં.૧૭૩૨ માં ઠરાવ્યા મુજબ બન્ને એવોર્ડને વડોદરા સીવીલ કોર્ટમાં કરવામાં આવેલ ચેલેન્જની કાર્યવાહીને મંજુરી આપવામાં આવી તથા આવા કીસ્સાઓમાં કોર્ટની લાંબી કાર્યવાહીના અંતે ઘણુ ખરૂ ચુકાદાઓ સરકારની વિરૂધ્ધમાં આવતા હોય અને ઈજારદારને મોટી રકમ ચુકવવી પડતી હોય છે. જે ધ્યાને લેતા એવોર્ડની રકમ બાબતે ઈજારદાર સાથે નેગોસીએશન કરી એવોર્ડ / વ્યાજની રકમ ઓછી કરવા લેખીતમાં તૈયારી બતાવે, તો તેવા સંજાગોમાં નેગોશીએશન માટે સીટી એન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાની કમીટી બનાવી સત્તા સોંપવામાં આવેલ હતી.
- ત્યારબાદ તા.૨૪/૧૨/૦૪ ના ૧૭.૦૦ કલાકે ઈજારદારશ્રી તત્કાલીન મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને મળવા આવતા તેઓને બોર્ડમાં થયેલ ઠરાવની માહીતી આપેલ હતી. પરંતુ તેઓએ એવોર્ડની રકમમાં ઘટાડો કરવા લેખીતમાં આપવાનો ઈનકાર કરેલ હતો.
- અગાઉ આરબીટ્રેશન પરત્વે સીવીલ કોર્ટ, વડોદરામાં દાખલ કરેલ એપ્લીકેશન ન.૨૪૧/૨૦૦૪ અને ૨૪૨/૨૦૦૪, ના. પ્રીન્સીપલ ડીસ્ટ્રીકટ જજ, વડોદરા ધ્વારા તા.૨૯/૧૧/૨૦૦૭ ના રોજ ડીસમીસ કરવામાં આવેલ છે.
- સદર ચુકાદાઓની નકલ વુડાના એડવોકટશ્રી દીલીપભાઈ ટી. નાણાવટી ધ્વારા તેઓના તા.૧૩/૧૨/૨૦૦૭ ના પત્ર ધ્વારા અત્રે આપવામાં આવેલ છે તથા તેઓશ્રીએ સદર ચુકાદામાં વુડા તરફથી કરવામાં આવેલ લેખીત તથા મૌખીક રજુઆતો ધ્યાને લેવામાં આવેલ ન હોવાનુ જણાતા, સદર ચુકાદાઓ નિયત સમય મર્યાદામાં હાઈકોર્ટમાં ચેલેન્જ કરવા બાબતનો અભિપ્રાય આપેલ છે. જે અન્વયે અત્રેની કચેરી ધ્વારા ગુજરાત હાઈકોર્ટ માટે વુડા પેનલના એડવોકેટશ્રી મયુરભાઈ પંડ્યાને તા. ૨/૧/૨૦૦૮ ના પત્ર ધ્વારા આરબીટ્રેશન એવોર્ડ અને ત્યારબાદ થયેલ કાર્યવાહી ની વિગતો પાઠવવામાં આવેલ હતી અને આ બાબતે તા.૨૦/૧/૨૦૦૮ ના રોજ થયેલ ચર્ચા મુજબ એવોર્ડ દરમ્યાન થયેલ રજુઆતોની વિગતો અત્રેની કચેરી ધ્વારા તા.૨૨/૧/૨૦૦૮ ના રોજ હાઈકોર્ટમાં દાખલ કરવાની થતી અપીલ બાબત પાઠવવામાં આવેલ છે તથા આ અંગે કરવાની થતી કાર્યવાહી પ્રગતિમાં છે. આ બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૧૮૯૩):** પાદરા ખાતે વુડાની હદમાં Phase II અને Phase III અંતર્ગત થયેલ ટી.પી.રોડના કામમાં ઈજારદાર ધ્વારા કરવામાં આવેલ આરબીટ્રેશનના બન્ને કેસો પરત્વે આરબીટ્રેટર ધ્વારા આપવામાં આવેલ એવોર્ડને ચેલેન્જ કરવા અંગેની અપીલ સીવીલ કોર્ટ ધ્વારા રદ કરેલ છે. જેમાં વુડાના એવોકેટશ્રીના અભિપ્રાય મુજબ અગત્યના મુધ્દા ધ્યાને લેવામાં આવેલ ન હોવાથી તે અંગે વુડાના હાઈકોર્ટના વકીલશ્રીનો અભિપ્રાય મેળવી હાઈકોર્ટમાં અપીલ કરવા અંગે કરવામાં આવી રહેલ કાર્યવાહીને વુડા બોર્ડના સર્વસભ્યશ્રીઓ ધ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી તથા આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મૂખ્યકારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૨) : મોજે પોર તથા રમણગામડી ખાતે આવેલ જીઆઈડીસી એસ્ટેટ વાળા વિસ્તારને વુડાની હદમાં આમેજ કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારની દક્ષિણ હદે વુડા વિસ્તારને અડીને આવેલ મોજે પોર અને રમણગામડી ખાતે આવેલ જી.આઈ.ડી.સી. એસ્ટેટ વાળા વિસ્તારને વુડાની હદમાં આમેજ કરવા માટે અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા મળેલ તા.૨૦-૧૧-૨૦૦૭ ના પત્ર (નકલ સામેલ છે) અન્વયે આ બાબત આગામી બોર્ડ બેઠકમાં રજુ કરી વુડા બોર્ડ દ્વારા જે નિર્ણય થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે મુજબનો મધ્યવર્તી જવાબ વુડાના પત્રાંક યુડીએ/પ્લાન-૪/૧૫/૨૦૦૮, તા.૨૪-૧-૨૦૦૮ થી (નકલ સામેલ છે) પાઠવવામાં આવેલ છે. મોજે પોર અને રમણગામડીનો વિસ્તાર નેશનલ હાઈવે નં.૮(આઠ)ની આજુ-બાજુ સ્થિત વિસ્તાર છે. તથા બંને ગામો જી.આઈ.ડી.સી. વિસ્તાર હોવાથી ઔદ્યોગીક વિકાસ પુર ઝડપે થઈ રહેલ છે. જે કારણે આજુ-બાજુની જમીનોમાં રહેણાંક તથા વાણિજય હેતુનો વિકાસ પણ વધી રહેલ છે. હાલ વુડાનો વડોદરા મહાનગર સેવાસદન સહિતનો વિસ્તાર ૭૧૫.૫૪ ચો.કી.મી. છે. તથા વર્ષ-૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ ગ્રોથ રેટ ૧૭.૫૭ છે ઉકત બંને ગામો આમેજ કરવામાં આવે તો વિસ્તાર ૮૧૫.૩૯ ચો.કી.મી. થાય તેમ છે. તથા ગ્રોથ રેટ ૨૦.૬૧ થાય તેમ છે. ઉપરોકત વિગતે મોજે પોર તથા રમણગામડી ખાતે આવેલ જી.આઈ.ડી.સી. એસ્ટેટ વાળા વિસ્તારને વુડાની હદમાં આમેજ કરવા બાબતનો મુદ્દો વુડા બોર્ડ સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા આ બાબતે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા મોજે પોર અને રમણગામડીની જી.આઈ.ડી.સી. એસ્ટેટ વાળા વિસ્તારને વુડામાં સમાવિષ્ટ કરવા સરકારશ્રીમાં સુચન કરેલ હોય તથા જી.આઈ.ડી.સી.ના વિકાસને લીધે આજુ-બાજુના વિસ્તાર પણ વિકસતો જતો હોઈ સુ આયોજીત વિકાસ થાય તે માટે મોજે પોર અને રમણગામડીનો વિસ્તાર વુડામાં સમાવવો જોઈએ તેમ સર્વસભ્યશ્રીઓનુ મંતવ્ય હતુ. જે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૮૯૪ ) :** મોજે પોર અને રમણગામડીની જમીનોમાં સ્થિત જી.આઈ.ડી.સી એસ્ટેટ વિસ્તારને કારણે વધતા વિકાસ ને ધ્યાને લઈ આજુ-બાજુના વિસ્તારનો સુઆયોજીત વિકાસ થાય તે માટે મોજે પોર અને રમણગામડીને વુડા વિસ્તારમાં સમાવેશ કરવા તથા આ અંગે સરકારશ્રીમાં હદ વધારાની દરખાસ્ત પાઠવી આપવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સોંપવા ઠરાવવામાં આવે છે.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

*સહી/-*
*સભ્ય - સચિવ*
*વ*
*મુખ્ય કારોબારી અધિકારી*
*શહેરી વિકાસ સત્તામંડળ*
*વડોદરા.*

*સહી/-*
*અધ્યક્ષ*
*શહેરી વિકાસ સત્તામંડળ*
*વડોદરા.*